| | | | | |
|---|---|---|---|---|
| રજુ તારીખ | :: | ૧૮.૦૭.૨૦૨૪ | | |
| દાખલ તારીખ | :: | ૧૮.૦૭.૨૦૨૪ | | |
| નિકાલ તારીખ | :: | ૦૮.૦૬.૨૦૨૬ | | |
| અવધિ | :: | વર્ષ | માસ | દિવસ |
| | | ૦૧ | ૧૦ | ૨૧ |

**મે. ખેરગામનાં જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં,**
**મુકામ–ખેરગામ.**

**ફોજદારી મુકદમા નંબરઃ– ૪૪૭/૨૦૨૪**
**આંક :– ૨૦**

**ફરીયાદી :–   નામદાર સરકાર**

**વિરુઘ્ઘ**

**આરોપી :–   (૧) પિયુષભાઈ મુકેશભાઈ સોલંકી   (એબેટ)**
રહે. ખેરગામ પટેલ ફળિયા જુની પટેલ સોનીની દુકાનની બાજુમાં,
તા.ખેરગામ, જી.નવસારી.

**(૨) વિપ્રેશ ઉર્ફે ચકો જીજ્ઞેશ પ્રતાપભાઈ મોર્યા**
રહે. ખેરગામ જનતા હાઈસ્કુલની પાસે પારસીવાડ,
તા.ખેરગામ, જી.નવસારી.

**(૩) અંકિત ઉર્ફે સુખો જીજ્ઞેશભાઈ પ્રતાપભાઈ મોર્યા**
રહે. ખેરગામ જનતા હાઈસ્કુલની પાસે પારસીવાડ,
તા.ખેરગામ, જી.નવસારી.

**ગુન્હો– ઈ.પી.કો.કલમઃ– ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબ...**

ફરિયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી એસ.એમ.મલેક
આરોપી તરફે વિ.વ.શ્રી વી.એમ.પટેલ

**–:: ઠ રા વ ::–**

**૧)..** ફરીયાદપક્ષના કેસની હકીકત ટુંકમાં એવી છે કે, આરોપીઓએ એક બીજાની મદદગારી કરી તા.૧૬–૦૬–૨૦૨૪ ના રોજ રાત્રીના સમયે આ કામના આરોપીઓ (૧) પિયુષભાઈ મુકેશભાઈ સોલંકી, રહે. ખેરગામ ફળિયા, તા.ખેરગામ, જી.નવસારી તથા (૨) વિપ્રેશ ઉર્ફે ચકો જીગ્નેશ મોર્યો, રહે.ખેરગામ જનતા હાઈસ્કુલ, તા.ખેરગામ, જી.નવસારી તથા (૩) અંકિત ઉર્ફે સુખો જીગ્નેશ મોર્યો, રહે.ખેરગામ જનતા હાઈસ્કુલ ખેરગામ, જી.નવસારીનાઓ ફરીયાદી નવાજ રશીદ શેખ, ઉ.વ.૨૦, ધંધો મજુરી, રહે.ખેરગામ કાછીયા ફળિયા, તા.ખેરગામ, જી.નવસારીના ઘરે જઈ કામ છે તેમ કહી ફરીયાદીને તેમની ગાડી પર બેસાડી લઈ જનતા હાઈસ્કુલ પાસે ખુલ્લી જગ્યામા લઈ ગયેલ અને આરોપી વિપ્રેશ ઉર્ફે ચકો જીગ્નેશ મોર્યાનાએ કહેલ કે તમે મારી ગાંજા વેચાણ અંગેની બાતમી ખેરગામ પોલીસને આપેલ જેથી હુ તારા લીધે મારે ત્રણ માસ જેલમા રહેવા પડેલ તેમ કહી વિપ્રેશ ઉર્ફે ચકાએ ફરીયાદીને ગાળો આપવાનુ ચાલુ કરી તેની સાથે ઝપાઝપી કરી પેટના ભાગે ઢીક મુકીનો માર મારેલ અને આરોપી અંકિત ઉર્ફે સુખાને ફરીયાદીને પકડી રાખી બરડાના ભાગે ઢીક મુકીનો માર મારતા હોય ત્યારે આરોપી પિયુષ ફરીયાદીને ગાળો આપી પગે લાતો મારી આ ત્રણેય આરોપીઓએ ફરીયાદીને કહેલ કે આજે તને છોડવાના નથી આજે તને મારી નાખીશુ તેમ કહી ધમકી આપી ગુનો કરી ઈ.પી.કો.કલમ. ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબના શિક્ષાપાત્ર ગુનાની ફરીયાદ ખેરગામ પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નં.ï.૧૧૮૨૨૦૦૪૨૪૦૩૨૪/૨૦૨૪ થી દાખલ થતાં ફરીયાદ અનુસંધાને તપાસ કરનાર ધ્વારા તપાસ કરી આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો જણાતા અત્રેની અદાલતમાં ઉપરોકત ગુન્હા સબબ હાલનું ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે.

**૨)..** આરોપીને સમન્સની બજવણી થતાં આરોપી અદાલત રુબરુ હાજર થતાં તેઓને વિના મુલ્યે પોલીસ તપાસના કાગળોની નકલો ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ મુજબ અપવામાં આવી તેની ખાત્રી કરી, આરોપી સામે આંક – ૦૩ થી તહોમતનામું ફરમાવી આરોપીઓનુ અનુક્રમે આંક–૦૪, ૦૫, ૦૬ થી પ્લી લઈ તેમાં જણાવેલ ગુનાની વિગત વાંચી સંભળાવી સમજાવવામાં આવતા, આરોપીઓએ ગુનાનો ઈન્કાર કરતા ફરીયાદ પક્ષનો પુરાવો નોંધવામાં આવેલ.

૩).. ફરિયાદ પક્ષ તરફથી નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ છે.

**:: મૌખિક પુરાવો ::**

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૦૮ | ફરીયાદી નવાઝ રસીદ શેખની જુબાની |

**:: દસ્તાવેજી પુરાવો ::**

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૦૯ | ફરીયાદ |
| ૨ | ૧૦ | ગુનાવાળી જગ્યાનુ પંચનામુ |
| ૩ | ૧૧ | અટક પંચનામુ |
| ૪ | ૧૨ | મેડીકલ સર્ટીફિકેટ |
| ૫ | ૧૩ | ફરીયાદી તરફે ક્લોઝીગ પુરસીસ |

**(૪)..** આ કામે ફરીયાદપક્ષે પુરાવો પુરો થયાનું જાહેર કર્યા બાદ, ત્યારબાદ આરોપીનું ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવા યોગ્ય પુરાવો રેકર્ડ ઉપર આવેલ હોય આરોપીનું વિશેષ નિવેદન લેવામાં આવેલ.

**(૫)..** ત્યાર બાદ સરકાર પક્ષે વિ.એ.પી.પી.શ્રી એસ.એમ.મલેક તથા આરોપીઓ તરફે વિ.વ.શ્રી ની દલીલો સાંભળવામાં આવેલ છે.

**(૬)..** ઉપરોક્ત હકીકતે મારા નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દા ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીઓએ એક બીજાની મદદગારીથી તા.૧૬–૦૬–૨૦૨૪ ના રોજ રાત્રીના સમયે આ કામના આરોપીઓ (૧) પિયુષભાઈ મુકેશભાઈ સોલંકી, રહે. ખેરગામ ફળિયા, તા.ખેરગામ, જી.નવસારી તથા (૨) વિપ્રેશ ઉર્ફે ચકો જીગ્નેશ મોર્યો, રહે.ખેરગામ જનતા હાઈસ્કુલ, તા.ખેરગામ, જી.નવસારી તથા (૩) અંકિત ઉર્ફે સુખો જીગ્નેશ મોર્યો, રહે.ખેરગામ જનતા હાઈસ્કુલ ખેરગામ, જી.નવસારીનાઓ ફરીયાદી નવાજ રશીદ શેખ, ઉ.વ.૨૦, ધંધો મજુરી, રહે.ખેરગામ કાછીયા ફળિયા, તા.ખેરગામ, જી.નવસારીના ઘરે જઈ કામ

છે તેમ કહી ફરીયાદીને તેમની ગાડી પર બેસાડી લઈ જનતા હાઈસ્કુલ પાસે ખુલ્લી જગ્યામા લઈ ગયેલ અને આરોપી વિપ્રેશ ઉર્ફે ચકો જીગ્નેશ મોર્યાનાએ કહેલ કે તમે મારી ગાંજા વેચાણ અંગેની બાતમી ખેરગામ પોલીસને આપેલ જેથી હુ તારા લીધે મારે ત્રણ માસ જેલમા રહેવા પડેલ તેમ કહી વિપ્રેશ ઉર્ફે ચકાએ ફરીયાદીને ગાળો આપવાનુ ચાલુ કરી તેની સાથે ઝપાઝપી કરી પેટના ભાગે ઢીક મુકીનો માર મારેલ અને આરોપી અંકિત ઉર્ફે સુખાને ફરીયાદીને પકડી રાખી બરડાના ભાગે ઢીક મુકીનો માર મારતા હોય ત્યારે આરોપી પિયુષ ફરીયાદીને ગાળો આપી પગે લાતો મારી આ ત્રણેય આરોપીઓએ ફરીયાદીને કહેલ કે આજે તને છોડવાના નથી આજે તને મારી નાખીશુ તેમ કહી ધમકી આપી ઈ.પી.કો.કલમ ૩૨૩, ૫૦૪,૫૦૬(૨),૧૧૪ મુજબના શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

**(૭)..** ઉપરોકત મુદ્દા અંગે મારા નિર્ણય નીચે જણાવેલા કારણોસર આ પ્રમાણે છે

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

## :: કા ર ણો ::

**મુદ્દા નંબર – ૧ ::–**

**(૮)..** ઉપરોકત મુદ્દાઓ પરત્વેના મારા નિર્ણયોના કારણોની ચર્ચા કરતી વખતે, આ કામે નોંધવામાં આવેલ સાહેદોની જુબાની તે રેકર્ડનો ભાગ છે. તેમ છતાં તમામ સાહેદોનીની જુબાનીનો સારાંશ રેકર્ડ પર લેવો જરૂરી જણાય આવે છે ત્યારે જ તેના વિષયના અનુસં ધાને તેના કાયદા સાથે સારી રીતે વિસંગતતા સહિત થઈ શકે.

**(૮.૧)** આંક–૦૮ થી ફરીયાદી નવાઝ રસીદભાઈ શેખનાઓ તેઓની જુબાનીની સરતપાસમાં જણાવે છે કે, તા.૧૬–૦૬–૨૦૨૪ ના રોજ તેઓ તથા પીયુષ મોટર સાઈકલ ઉપર જનતા હાઈસ્કુલ પાસે વિપ્રેશ ઉર્ફે ચકોના ઘર આગળ ગયેલ ત્યારે આ વિપ્રેશભાઈ સાથે સામાન્ય બોલાચાલી થયેલી અને ત્યાં ટોળુ ભેગુ થઈ ગયેલ અને ટોળામા

ધકકામુકકી થયેલ જેથી પડી ગયેલ અને મને શરીર ઉપર ઈજાઓ થયેલ. મને ઈજા થતા મે ખેરગામ સરકારી હોસ્પિટલમા સારવાર લીધેલ. મે ઉશ્કેરાટમા આવીને હાલના આરોપીઓ વિરુધ્ધ ખેરગામ પોલીસ સ્ટેશનમા ફરીયાદ આપેલ. તેમને અસલ ફરીયાદ બતાવવામા આવે છે જે જોઈને કહે છે કે તેમા તેમની સહી છે જે ઓળખી બતાવે છે. જે રજુ દાખલ આંક–૦૯ થી રજુ છે. આ સિવાય બીજુ કઈ બનેલ નથી અને વિશેષમા કઈ કહેવુ નથી. આ કામના આરોપીઓ અમારા ગામના હોય તેમને ઓળખુ છું આ કામના આરોપીઓ પૈકી આરોપી નં.૨ અને ૩ નામદાર કોર્ટમા હાજર છે અને આરોપી નં.૧ ગુજરી ગયેલ છે જે હું જાણુ છું. તેઓને હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ.

જયારે ફરીયાદી આરોપી તરફૅના વિધ્વાન વકીલશ્રીની ઉલટતપાસમાં જણાવે છે કે, એ વાત ખરી છે કે અમારે અને આરોપીઓ વચ્ચે સમાધાન થઈ ગયેલ છે અને હવે બનાવ બાબતે કોઈ મનદુખ રહેતુ નથી. એ વાત ખરી છે કે સામાન્ય બોલાચાલીના લીધે ઉશ્કેરાટમાં આવીને આરોપીઓ સામે નામજોગ ફરીયાદ લખાવેલી.

**(૯)..** આ કામના ફરીયાદ પક્ષનો કેસ એવો છે કે, આરોપીઓએ એક બીજાની મદદગારીથી તા.૧૬–૦૬–૨૦૨૪ ના રોજ રાત્રીના સમયે આ કામના આરોપીઓ (૧) પિયુષભાઈ મુકેશભાઈ સોલંકી, રહે. ખેરગામ ફળિયા, તા.ખેરગામ, જી.નવસારી તથા (૨) વિપ્રેશ ઉર્ફે ચકો જીગ્નેશ મોર્યા, રહે.ખેરગામ જનતા હાઈસ્કુલ, તા.ખેરગામ, જી.નવસારી તથા (૩) અંકિત ઉર્ફે સુખો જીગ્નેશ મોર્યા, રહે.ખેરગામ જનતા હાઈસ્કુલ ખેરગામ, જી.નવસારીનાઓ ફરીયાદી નવાજ રશીદ શેખ, ઉ.વ.૨૦, ધંધો મજુરી, રહે.ખેરગામ કાછીયા ફળિયા, તા.ખેરગામ, જી.નવસારીના ઘરે જઈ કામ છે તેમ કહી ફરીયાદીને તેમની ગાડી પર બેસાડી લઈ જનતા હાઈસ્કુલ પાસે ખુલ્લી જગ્યામા લઈ ગયેલ અને આરોપી વિપ્રેશ ઉર્ફે ચકો જીગ્નેશ મોર્યાનાએ કહેલ કે તમે મારી ગાંજા વેચાણ અંગેની બાતમી ખેરગામ પોલીસને આપેલ જેથી હુ તારા લીધે મારે ત્રણ માસ જેલમા રહેવા પડેલ તેમ કહી વિપ્રેશ ઉર્ફે ચકાએ ફરીયાદીને ગાળો આપવાનુ ચાલુ કરી તેની સાથે ઝપાઝપી કરી પેટના ભાગે ઢીક મુકીનો માર મારેલ અને આરોપી અંકિત ઉર્ફે સુખાને ફરીયાદીને પકડી રાખી બરડાના ભાગે ઢીક મુકીનો માર મારતા હોય ત્યારે આરોપી પિયુષ ફરીયાદીને ગાળો આપી પગે લાતો મારી આ ત્રણેય આરોપીઓએ ફરીયાદીને કહેલ કે આજે તને છોડવાના નથી

આજે તને મારી નાખીશુ તેમ કહી ધમકી આપી ઈ.પી.કો.કલમ. ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨),૧૧૪ મુજબના શિક્ષાપાત્ર ગુનો કરેલ હતો. તે પુરવાર કરવા માટે ફરીયાદ પક્ષે ઉપર મુજબનો મૌખિક પુરાવો રજુ થયેલ છે. આ કામના તમામ સાહેદોની જુબાનીની ચર્ચા કર્યા બાદ આ કામના આરોપી સામે લગાડવામા આવેલ આક્ષેપો એક એક કરીને અલગ થવો જરૂરી જણાય આવે છે. જેથી આરોપી સિવાયના આક્ષેપોની ગુના સંબધી તમામ આક્ષેપો પામેલ ગુનાની ચર્ચા કરી કાયદામાં જણાવેલ વિગતો જણાવવી તે આ કામની તથ્ય સાથે સં કલીત કરવી જરૂરી જણાય આવે છે.

હવે આ કામે તપાસવામાં આવેલ આંક–૦૮ થી ફરીયાદીની જુબાની ધ્યાને લઈએ તો એવું માલુમ પડેલ છે કે તેઓ ફરીયાદી તથા વિપ્રેશ વચ્ચે સામાન્ય બોલાચાલી થયેલ અને ટોળુ ભેગુ થઈ ગયેલ અને ટોળામા ધકકા મુકકી થયેલ જેથી પડી જવાથી ઈજા પામનારને ઈજા થયેલી. હવે ફરીયાદપક્ષ તરફથી રજુ કરવામાં આવેલ જુબાનીઓ ધ્યાને લઈએ તો તેવી એક પણ હકીકત રેકર્ડ પર આવતી નથી કે આરોપીઓએ ઈજાપામનારને બનાવ સ્થળે જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય અને ફરીયાદપક્ષે સાહેદો પોતાની જુબાનીમાં એમ પણ જણાવતા નથી કે આરોપીને જાનથી મારી નાખવાની ધમકીના કારણે તેઓના જીવનચર્યમા તેઓને સતત આજ દિન સુધી ભય રહેવાથી તેના કારણે પોતાના રોજબરોજના કાર્ય કરી શકતા નથી. હવે ફરીયાદપક્ષે એમ પૂરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય કે આરોપીએ તેઓને જાનથી મારી નાખવાની ધમકી આપી હોય તો સતત ભયનો કોઈ પ્રશ્ન રહેતો નથી. જેથી ઉપર મુજબની તમામ ચર્ચાના અનુસંધાને એમ કહી શકાય ફરીયાદ પક્ષ ઈ.પી.કો.ની કલમ ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) મુજબી હકીકત પૂરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે જેથી ઈ.પી.કો. કલમ ૧૧૪ની અલગથી કોઈ ચર્ચા કરવાની જરૂર રહેતી નથી. હવે આરોપીઓ તથા ઈજા પામનારને વચ્ચે ખાનગી રાહે સમાધાન થઈ ગયેલ છે અને ફરીયાદ પક્ષે ઈ.પી.કો. કલમ ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ ના આક્ષેપો પૂરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે.

આમ ફરીયાદપક્ષે જયારે આરોપીઓ સામેનાં આક્ષેપાયેલ ગુનો સાબિત કરવાનો હોય ત્યારે ફરીયાદપક્ષના મહત્વનાં સાહેદો ધ્વારા ફરીયાદની હકીકતોને સમર્થન મળવું આવશ્યક હોય અને ફોજદારી ન્યાયનાં સિધ્ધાંત મુજબ ફરીયાદપક્ષે પોતાનો કેસ

વ્યાજબી શંકાથી પર પુરવાર કરવાનો હોય છે. તેવા સંજોગોમાં હાલનાં કેસમાં આરોપીઓ સામેનાં આક્ષેપો ઈ. પી. કો. કલમ ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબના ગુના અંગે કોઈ સબળ પુરાવો રજુ કરી શકેલ નથી. આમ ફરીયાદપક્ષે આરોપીઓને આક્ષેપિત ગુનામાં તકસીરવાન ઠરાવી શકાય તેવો કોઈ સ્પષ્ટ અને સચોટ પુરાવો રજુ થયેલ ન હોય. જેથી આરોપીઓને આક્ષેપિત ગુનામાં તકસીરવાર ઠરાવી શકાય તેમ ન હોય. આમ ઉપરોકત ચર્ચા કર્યા મુજબ તમામ હકીકતો ધ્યાનમાં લઈ ન્યાયનાં હિતમાં મુદ્દા નં. ૧ નો જવાબ નકારમાં આપું છું. તથા મુદ્દા નં.૨ નો આખરી હુકમ નીચે મુજબ કરું છું.

## :: હુ ક મ ::

**(૧)** આ કામના આરોપી નં. **(૨) વિપ્રેશ ઉર્ફે ચકો જીજ્ઞેશ પ્રતાપભાઈ મોર્યા,** રહે. ખેરગામ જનતા હાઈસ્કુલની પાસે પારસીવાડ, તા.ખેરગામ, જી.નવસારી, **(૩) અંકિત ઉર્ફે સુખો જીજ્ઞેશભાઈ પ્રતાપભાઈ મોર્યા,** રહે. ખેરગામ જનતા હાઈસ્કુલની પાસે પારસીવાડ, તા.ખેરગામ, જી.નવસારીનાઓને ક્રિ.પ્રો.કોડ કલમ–૨૪૮(૧) અન્વયે ઈ.પી.કો.કલમ. ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨),૧૧૪ મુજબના શિક્ષાપાત્ર પાત્ર ગુનામાંથી નિર્દોષ છોડવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીઓએ સી.આર.પી.સી. કલમ ૪૩૭એ મુજબ અપીલ સમય સુધીના જામીન આપવા.

આ હુકમ આજ રોજ તારીખઃ ૦૮મી, માહે જુન, સને ૨૦૨૬ નાં રોજ ખેરગામ મુકામે ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

ખેરગામ.
તા.૦૮.૦૬.૨૦૨૬

**(ધરાંથ આર.પટેલ)**
જયુડી. મેજી. ફર્સ્ટ કલાસ, ખેરગામ.
**CODE : GJ 01753**